# હજુ રાજ્યમાં ૪.૫૧ લાખ વડીલોએ રસી લીધી નથી

## ૮ ફેબ્રુઆરી સુધી દેશભરમાં દેશમાં ૬૦થી વધુ વયના ૧.૨૦ કરોડ વ્યક્તિએ હજુ સુધી વેક્સિનનો એકપણ ડોઝ લીધો નથી



ગુજરાતમાં કુલ વેક્સિનેશન ડોઝનો આંક હવે ૧૦ કરોડને પાર થઇ ગયો છે. જેમાં ૫.૧૬ કરોડ દ્વારા પ્રથમ ડોઝ લેવામાં આવ્યો છે જ્યારે ૪.૭૨ કરોડ ફૂલ્લી વેક્સિનેટેડ છે. આ ઉપરાંત ૧૭.૪૭ લાખને પ્રીકોશન ડોઝ પણ અપાઈ ચૂક્યા છે. જોકે, રાજ્યમાં ૪.૫૧ લાખ સિનિયર સિટીઝન એવા છે જેમણે વેક્સિનનો એકપણ ડોઝ લીધો નથી. આ ઉપરાંત ૧.૫૨ લાખ સિનીયર સિટીઝનો દ્વારા વેક્સિનનો માત્ર એક ડોઝ લેવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. આ અંગે રજૂ કરવામાં આવેલી વિગતો અનુસાર ૮ ફેબ્રુઆરી સુધીનાં ડેટા પર કરીએ નજર તો સમગ્ર દેશમાં ૬૦થી વધુ વયના ૧.૨૦ કરોડ વ્યક્તિએ હજુ સુધી કોરોના વેક્સિનનો એકપણ ડોઝ લીધો નથી. ગુજરાતની વાત કરવામાં આવે તો સિનિયર સિટીઝનોમાંથી ૪,૫૧,૭૯૭ દ્વારા એકપણ ડોઝ લેવાયો નથી જ્યારે ૧,૫૨,૪૧૫ દ્વારા માત્ર એક ડોઝ લેવામાં આવ્યો છે. સમગ્ર દેશમાંથી તામિલનાડુમાંથી સૌથી વધુ ૨૬.૨૬ લાખ, પશ્ચિમ બંગાળમાંથી ૧૫.૦૬ લાખ, મહારાષ્ટ્રમાંથી ૧૩.૦૨ લાખ, ઉત્તર પ્રદેશમાંથી ૧૨.૦૧ લાખ સિનીયર સિટીઝન દ્વારા કોવિડ વેક્સિનનો એકપણ ડોઝ લેવામાં આવ્યો નથી. ગુજરાતમાંથી સિનીયર સિટીઝનોને કુલ ૧.૪૩ કરોડ વેક્સિનેશન ડોઝ આપવામાં આવ્યા છે. અન્ય વયજૂથમાં જોવામાં આવે તો ૧૫થી ૧૭ની વયમાં ૪૦.૯૪ લાખ, ૧૮થી ૪૪ની વયમાં ૫.૯૦ કરોડ, ૪૫થી ૬૦ની વયમાં ૨.૩૧ કરોડ દ્વારા વેક્સિન લેવામાં આવી છે. વેક્સિન લેનારામાં ૫.૩૯ પુરુષ અને ૪.૪૯ કરોડ મહિલાઓ છે. ગુજરાતમાં કોવિશિલ્ડ લેનારા ૮.૧૨ કરોડ અને કોવેક્સિન લેનારા ૧.૪૩ કરોડ છે. ૮ ફેબ્રુઆરીની સ્થિતિએ ગુજરાતમાં ૧૮થી ઓછી વયજૂથમાં ૨૮.૩૮ લાખ દ્વારા પ્રથમ ડોઝ અને ૯.૩૯ લાખ દ્વારા બંને ડોઝ લેવાઈ ચૂક્યા છે. જિલ્લા પ્રમાણે જોવામાં આવે તો અમદાવાદમાંથી સૌથી વધુ ૨૯ લાખ, સુરતમાંથી ૨૫.૨૫ લાખ, વડોદરામાંથી ૨૪.૭૭ લાખ દ્વારા વેક્સિનના બંને ડોઝ લેવામાં આવ્યા છે. તબીબોના મતે, 'કોરોનાની ત્રીજી લહેરમાં સ્થિતિ નિયંત્રણમાં રહી તેનું શ્રેય વેક્સિનેશનને જાય છે. જે પણ વ્યક્તિએ હજુ વેક્સિન લીધી નથી તેમણે પોતાની અને અન્યની સુરક્ષા માટે સત્વરે વેક્સિનનું કવચ મેળવી લેવું જોઈએ.

# મોડી રાત્રે હોરર હાઉસમાં આગ ફાટી નીકળતા મોટું નુકસાન

## રાત્રે હોરર હાઉસમાં વ્યક્તિ ન હોવાથી કોઈને ઈજા થઈ નહોતી, આગ લાગવાના કારણે હાઉસનો સામાન બળીને રાખ થયો



અમદાવાદ,તા.૧૨

કાંકરિયામાં ફરી એકવાર મોટી દુર્ઘટના ટળી હતી. કાંકરિયાના હોરર હાઉસમાં આગ ફાટી નીકળી હતી. જોકે સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનીના સમાચાર નથી. શુક્રવારે રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ કાંકરિયાના હોરર હાઉસમાં આગ લાગી હતી. આગ લાગવાના કારણે હાઉસમાં રહેલો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ઘટનાની માહિતી મળતા ફાયર વિભાગની ૫ ગાડીઓએ ઘટના સ્થળે પહોંચી આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. ત્રણ કલાકની જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવાયો હતો. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે કાંકરિયાના હોરર હાઉસમાં શુક્રવારે રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ આગ લાગી હતી. આગ લાગવાના કારણે હાઉસની અંદરની ડિસ્પ્લે, લાકડા, કપડાં જેવી વસ્તુઓને મોટું નુકશાન થયું હતું. આગનું કરણ શોર્ટ સર્કિટ હોવાની શક્યતા દર્શાવવામાં આવી છે. હોરર હાઉસમાં બનેલી આ દુર્ઘટનામાં તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. જો કે મોડી રાત્રે આગ લાગી હોવાના કારણે મોટી જાનહાની ટળી છે. રાત્રે હોરર હાઉસમાં કોઈ વ્યક્તિ ન હોવાથી કોઈને ઈજા થઈ નહોતી, પરંતુ આગ લાગવાના કારણે હાઉસનો સામાન બળીને રાખ થઈ ગયો છે. અત્રે નોંધનીય છે કે વર્ષ ૨૦૧૯માં પણ કાંકરિયાના બાલવાટિકામાં રાઈડ તૂટી પડતા એક મોટી દુર્ઘટના થઈ હતી. ૩૦ ફૂટ ઊંચેથી રાઈડ નીચે પટકાઈ હતી. જેમાં ૨ લોકોનાં કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે ૨૯ લોકોને નાની મોટી ઈજા પહોંચી હતી. તમને જણાવી દઈએ કે અમદાવાદીઓમાં સૌથી લોકપ્રિય જગ્યા હોય તો તે કાંકરિયા તળાવ છે. જે મણીનગર વિસ્તારમાં આવેલું છે. જેમાં વ્યાયામશાળા, માછલીઘર, પ્રાણી સંગ્રહાલય, બાલવાટિકા, કિડ્ઝ સિટી, અટલ એક્સપ્રેસ ટ્રેન, હોરર હાઉસ, બલૂન રાઈડ જેવી લોકોને આકર્ષતી અનેક મનોરંજનની વસ્તુઓ છે.

# વિચારોની તાકાત ખૂબ જ વિશાળ છે નવા વિચારો નવા ભારતનું નિર્માણ કરવાનું સામર્થ્ય ધરાવે છે : રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત

## રાજ્યપાલશ્રી દ્વારા કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના પાંચ સરહદી ગામોની મુલાકાત લઈને ગ્રામજનો સાથે સીધો સંવાદ



ભારત પાકિસ્તાન સરહદ પર આવેલા કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના છેલ્લા ગામો એવા રતનપર, અમરાપર, જનાણ, બાંભણકા અને ગણેશપુર જેવા સરહદી વિસ્તારના પાંચ ગામોની સૌ પ્રથમવાર મુલાકાત લઈ રાજ્યના રાજ્યપાલે લોકો સાથે સીધો સંવાદ સાધ્યો હતો.

સૌ પ્રથમવાર રાજ્યના રાજ્યપાલે સરહદી ગામોની મુલાકાત લેતા ગ્રામ્ય વિસ્તારના લોકોમાં હરખની હેલી જોવા મળતી હતી.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જનતા સાથે સંવાદ કરતા કહ્યું હતું કે, સરહદી વિસ્તારના ગામડાઓએ છેવાડાના નહીં પરંતુ દેશના પ્રથમ ગામડાઓ છે, જ્યાંથી દેશની અને રાજ્યની શરૂઆત થાય છે. અને આ વિસ્તારના લોકો સૈનિકોની જેમ દેશની રક્ષા કરવામાં મહત્વનું યોગદાન આપે છે. આ વિસ્તારના ખેડૂતો બહેનો અને યુવાનો મહેનતુ મજબૂત હોય છે અને પોતાની રાહ જાતે જ પસંદ કરે છે.

ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામીણ સંસ્કૃતિ સાચા અર્થમાં જળવાઈ રહે છે તેમજ તેમાં આધુનિક વિચારધારા સંમિશ્રીત થતા વિકાસની અનેક નવી દિશાઓ ખુલી છે. ખડીર બેટના ધોળાવીરા નજીક આવેલા ભારત પાકિસ્તાન સરહદ પરના આ ગામડાઓમાં વિશ્વની સૌથી પ્રાચીન પરંપરાની જાળવણી આજની તારીખે પણ જીવંત છે. ધોળાવીરા અને ધોરડોને જોડતો એક નવો વિકાસ માર્ગ તૈયાર થઈ રહ્યો છે. ઘડુલી-સાંતલપુર માર્ગ તૈયાર થયા બાદ ટુરિઝમ, બિઝનેસ અને રોજગારી અનેક નવી તકોનું નિર્માણ થશે. આ માર્ગ ધોળાવીરા અને તેના આસપાસના ગ્રામ્ય વિસ્તારોને ઉન્નતિના શિખર પર પહોંચાડનાર સાબિત થશે તેમ રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું.

આ તકે રાજ્યપાલશ્રીએ યુવાનો અને વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું હતું કે, વિચારોની તાકાત ખૂબ જ મોટી છે. નવા વિચારો નવા ભારતનું નિર્માણ કરવાનું સામર્થ્ય ધરાવે છે. આત્મનિર્ભર ભારતનો વિચાર કરનાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતને વિશ્વ ગુરુ બનાવવાનો વિચાર સાકાર થવા જઈ રહ્યો છે, તેમાં આપનું યોગદાન અમૂલ્ય રહેશે.

વિવિધ સખીમંડળની બહેનો સાથેના સંવાદમાં રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે સ્વસ્થ, શિક્ષિત અને સુરક્ષિત સમાજના નિર્માણમાં મહિલાઓનું વિશેષ યોગદાન છે. તેમજ રોજગાર નિર્માણના જન આંદોલનમાં વિવિધ ગ્રામ્ય વિસ્તારોની સખીમંડળ વિશેષ યોગદાન આપી રહી છે જેના થકી ગ્રામ્ય સંસ્કૃતિઓ અને ગામડાઓ સમૃદ્ધ અને મજબુત બની રહ્યા છે.

ખડીર બેટના સરહદી વિસ્તારોના ગામડાઓમાં ખેતી અને પશુપાલન કરતા નાગરીકોને રાજ્યપાલશ્રી દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિ વિશે માહિતગાર કર્યા હતાં અને પ્રાકૃતિક કૃષિ અપનાવીને ગામડાઓને સમૃદ્ધ કરવા એક નવી રાહ દેખાડી હતી.

આ તકે લેડી ગવર્નર શ્રી દર્શના દેવી, જિલ્લા કલેકટર શ્રી પ્રવીણા ડી. કે., જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભવ્ય વર્મા, પૂર્વ કચ્છ જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી મયુર પાટીલ, અબડાસા પ્રાંત અધિકારશ્રી પ્રવિણસિંહ જૈતાવત, ભચાઉ પ્રાંત અધિકારશ્રી સંજય ચૌધરી સહિતના અધિકારીઓ કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કેનેડામાં ત્રણ કોલેજોને રાતોરાત તાળાં વાગ્યા

## ગુજરાતના સેંકડો વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં : કેનેડામાં WE NEED ANSWERS લખેલા પોસ્ટર સાથે વિદ્યાર્થીઓ રોડ પર ઉતરીને વિરોધ કર્યો છે

અમદાવાદ,તા.૧૨

વિદેશ ભણવા જવા માગતા વિદ્યાર્થીઓ માટે ચિંતાજનક સમાચાર સામે આવી રહ્યા છે. કેનેડામાં ગુજરાતના સેંકડો વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા હોવાની માહિતી મળી છે. ખાસ કરીને ગુજરાતના જ ૧૫૦ વિદ્યાર્થીઓ કેનેડામાં ભણતા હતા, એ કોલેજ બંધ થઈ ગઈ છે. આજ કોલેજમાં ભારતના ૨૫૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. પ્રાઈવેટ યુનિવર્સિટીનો દરજ્જો ધરાવતી કોલેજોએ નાદારી નોંધાવી છે. ગુજરાતના અનેક શહેરના વિદ્યાર્થીઓ આ ત્રણ કોલેજમાં અભ્યાસ કરતા હતા. તેની સામે કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓએ હાથમાં પોસ્ટર લઈને ન્યાયની માગી કરી રહ્યા છે. કેનેડામાં **WE NEED ANSWERS** લખેલા પોસ્ટર સાથે વિદ્યાર્થીઓ રોડ પર ઉતરીને વિરોધ કર્યો છે. ગુજરાતીઓને પરદેશમાં ભણવા જવાનો અને પછી સેટ થવાનો બહુ શોખ છે. પરંતુ હવે આ શોખ ભારે પડી રહ્યો છે. હજુ તો થોડા દિવસો પહેલા જ કલોલનો એક પરિવાર ગેરકાયદેસર રીતે કેનેડા જતાં બરફમાં થીજીને મૃત્યુ પામ્યો હતો. ત્યાં વળી કેનેડા કયુબેક પ્રાંતમાંથી બીજી ફરિયાદ આવી છે. કયુબેક પ્રાંતમાં ગુજરાતના ૧૫૦ સહિત ભારતના ૨૫૦૦ વિદ્યાર્થીઓ ભણતા હતા એવી ૩ કોલેજો અચાનક બંધ થઈ ગઈ છે. લાખો રૂપિયા ખર્ચીને અને ખાસ્સી મહેનત કરીને કેનેડા ભણવા ગયેલા વિદ્યાર્થીઓ લટકી પડ્યા છે. આ કોલેજો આમ તો પ્રાઈવેટ યુનિવર્સિટીનો દરજ્જો ધરાવે છે. હવે આ કોલેજોએ કેનેડાની કોર્ટમાં નાદારી માટે અરજી કરીને પોતાની ભણતરની દુકાન બંધ કરી દીધી છે. આ કોલેજોમાં ગુજરાતના અનેક શહેરોના વિદ્યાર્થીઓએ એડમિશન લીધું હતું. એ વિદ્યાર્થીઓ અને અન્ય સ્થાનિક સ્ટુડન્ટ્સે પ્રદર્શન કરવું પડે એવી સ્થિતિ આવી પડી છે. વિદ્યાર્થીઓ કેનેડાના ઠંડાગાર વાતાવરણમાં બર્ફીલી ભૂમિ પર ઉભા રહીને હાથમાં પોસ્ટર લઈ પ્રદર્શન કરી રહ્યા છે. કેનેડાના ક્યુબેક પ્રાંતના મોન્ટ્રિયલ શહેરમાં આવેલી આ કોલેજ-યુનિવર્સિટીઓએ પહેલા તો નવેમ્બર ૨૦૨૧માં શિયાળુ વેકેશનની જાહેરાત કરી હતી. આપણે ઉનાળું વેકેશન હોય એમ કેનેડામાં અત્યંત આકરી ઠંડી પડતી હોવાથી શિયાળુ વેકેશનની પણ પ્રથા છે. એ પછી જાન્યુઆરી ૨૦૨૨માં કોલેજે જાહેરાત કરી કે વિદ્યાર્થીઓ બાકીની ફી ચૂકવી આપે. એ ફીની રકમ ૧૦થી લઈને ૨૦ લાખ સુધીની થાય છે. એ પછી કોલેજ અચાનક બંધ કરી દેવાઈ છે. બંધ કરવા માટે પોતાની આર્થિક સ્થિતિ નબળી છે એવુ કારણ કોલેજોએ આપ્યું છે અને એ માટે નાદારીની અરજી પણ કરી છે. આ ઘટના વિશે કેનેડામાં ગુજરાતીઓ વિદ્યાર્થીઓ જણાવી રહ્યા છે કે, એડમિશન લેતાં પહેલાં કોઈપણ કોલેજનો ઈતિહાસ તપાસવો હવે જરૂરી છે.

# બનાસકાંઠા: બટાટાના સંગ્રહ કરતાં કોલ્ડ સ્ટોરેજના વેપારીઓ મુશ્કેલીમાં મૂકાયા

## બેંકની લોન ભરપાઇ ન કરતાં સીલ કરાયું

બનાસકાંઠા જીલ્લાના વેપારી મથક ગણાતાં ડીસા શહેર તે બટાટા નગરી તરીકે વખણાય છે. ડીસામાં મોટા પ્રમાણમાં બટાટાનું વાવેતર થાય છે અને બટાટાનો સંગ્રહ કરવા માટે ડીસા સહીત સમગ્ર બનાસકાંઠા જીલ્લામાં ૨૦૦ થી વધુ કોલ્ડ સ્ટોરેજ આવેલા છે. છેલ્લા ૫ વર્ષથી બનાસકાંઠા જીલ્લામાં બટાટાના ભાવ ન મળવાના કારણે ખેડૂતો અને બટાટાનો સંગ્રહ કરતાં કોલ્ડ સ્ટોરેજના વેપારીઓ મુશ્કેલીમાં મૂકાયા છે.

છેલ્લા ૫ વર્ષથી સતત બટાટામાં ભાવ ન મળવાના કારણે બટાટાના ખેતી કરતાં ખેડૂતો અને બટાટાના સંગ્રહ કરતાં કોલ્ડ સ્ટોરેજના વેપારીઓ મુશ્કેલીમાં મૂકાયા છે અને દ્વારા બેંકમાંથી લીધેલી લોન ભરપાઈ ન થતાં બેંકો દ્વારા કોલ્ડ સ્ટોરેજ સીલ કરવામાં આવી રહ્યા છે. કોલ્ડ સ્ટોરેજના વેપારીઓ દ્વારા બેંકમાંથી લીધેલી લોન ન ભરવાના કારણે બેંક દ્વારા અનેકવાર નોટીસ પણ ફટકારવામાં હતી પરંતુ છેલ્લા ૫ વર્ષથી સતત બટાટાના ભાવ ન હોવાના કારણે કોલ્ડ સ્ટોરેજના વેપારીઓ દ્વારા બેંકની લોન ભરપાઈ ન કરી શકવાના કારણે બેંકો દ્વારા કોલ્ડ સ્ટોરેજ સીલ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. ત્યારે શનિવારે ડીસાના ભોયણ નજીક આવેલ ગણેશ કોલ્ડ સ્ટોરેજના વેપારીઓ દ્વારા બેંકની લોન ન ભરતાં આખરે બેંક દ્વારા કોલ્ડ સ્ટોરેજ સીલ કરાયું છે.

# આપના વોટ્સએપ ગ્રુપમાં બીભત્સ વીડિયોથી ચકચાર

આમ આદમી પાર્ટીની હાલત એક સાંધે ત્યાં તેર તૂટે જેવી થઈ ચૂકી છે. પક્ષપલટાની કળ હજી વળે તે પહેલા વધુ એકવખત આમ આદમી પાર્ટીની રાજકીય આબરૂનું ધોવાણ થયું હોય તેવી એક ઘટના સામે આવી છે. આપ સુરત વોટ્સએપ ગ્રુપમાં ફરી એકવખત બીભત્સ વીડિયો પીરસાયા છે જેના કારણે રાજકીય ગલિયારોમાં ખળભળાટ મચ્યો છે. સુરતમાં ફરી આમ આદમી પાર્ટીમાં એક પછી એક નવા વિવાદ ઉભા થઈ રહ્યા છે. શુક્રવારે સોસિયલ મીડિયામાં આદમી પાર્ટીના આપ સુરત નામના વોટ્સએપ ગ્રુપમાં બિભત્સ કલીપ સાથેનો એક મેસેજ વાઈરલ થયો હતો. મમતા પાટીલ નામની મહિલા ગ્રુપએડમીન હોવાનું જાણવા મળ્યું હતું. આ વિશે મળતી માહિતી પ્રમાણે, AAPની રાજકીય દશા બેઠી છે

### ઠંડીનું જોર વધ્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘટી જતા નગરજનોએ હાંશકારો અનુભવ્યો હતો. જો કે ઠંડીનો મિજાજ રોજબરોજ બદલાતા લઘુત્તમ તાપમાનમાં પણ ફેરફાર જોવા મળે છે. ઠંડીના દિવસોમાં વાતાવરણ પલ્ટાની અસરથી પણ નગરજનો વારંવાર પ્રભાવિત થઈ રહ્યા છે. છેલ્લા ચાર પાંચ દિવસથી ઠંડીનુ જોર ઘટી જતા નગરજનોએ રાહત અનુભવી હતી. ઠંડીનો પારો ૧૨ ડીગ્રીને પાર થઈ ગયો હતો જયારે દિવસનુ તાપમાન પણ ઉંચકાતા નગરજનો જાણે ઠંડી અદ્રશ્ય થઈ ગઈ હોય તેવો અહેસાસ કરતા હતા જયારે આજે અચાનક જ લઘુત્તમ તાપમાન ઉંચકાયુ હતુ. ગઈકાલે ઠંડીનો પારો ૧૨. ૮ ડીગ્રીએ રહ્યો હતો જયારે આજે લઘુત્તમ તાપમાન ૯.૪ ડીગ્રીએ પહાંચી ગયુ હતુ. જેના લીધે સવારથી વાતવરણમાં અસહ્ય ઠંડીનો ચમકારો વર્તાયો હતો સાંજ ઢળતા જ આકરી ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. બીજીતરફ દિવસે ગરમી વધી હતી. મહત્તમ તાપમાન ૩૦ ડીગ્રીએ રહ્યુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાનમાં પણ ૨ ડીગ્રીનો વધારો થયો હતો જેના લીધે દિવસનો તાપ આકરો બન્યો હતો. દિવસે ગરમી અને વહેલી સવારે તેમજ રાત્રિના સમયે ઠંડીના ચમકારાથી નગરજનોએ બવેડી ઋતુનો અહેસાસ કર્યો હતો. હજુ આગામી દિવસોમાં વાતાવરણમાં સતત ઠંડીનો પારો ચઢ ઉતર રહેશે અલબત્ત આગામી તા ૧૯ ફેબ્રુઆરીથી વાતાવરણમાં ગરમીનુ જોર વધશે તેમ પણ હવામાન તજજ્ઞોએ જણાવ્યુ છે.

### જોખમી વૃક્ષો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતુ જો કે આ બાદ વનતંત્ર દ્વારા જોખમી વૃક્ષોની કટોતી કરવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી હતી પરંતુ જોખમી વૃક્ષોની સંખ્યા વધતી જાય છે. ત્યારે આ મામલે ફરીએકવાર સર્વે હાથ ધરવાની અનિવાર્યતા છે. મુખ્યમાર્ગોની આસપાસ પણ વૃક્ષોની લટકતી તોતિંગ ડાળીઓ પણ જોખમી હાલતમાં જોવા મળે છે. જયારે નમી પડેલા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. આવા સંજોગોમાં જોખમી વૃક્ષો વરસાદી દિવસો દરમિયાન ગમે ત્યારે જમીનદોસ્ત થતા જાનલેવા પણ પુરવાર થાય તેવી દહેશત પ્રબળ બની છે. વર્ષો પુવે ચ માર્ગ પર એક જોખમી વૃક્ષ ધરાશાયી થતા બાઈકસવાર યુવાનનુ પણ મોત નિપજયુ હતુ. ત્યારબાદ શહેરમાં જોખમી વૃક્ષોનો સર્વે હાથ ધરી ત્વરિત દુર કરવા માટે પણ ભયજનક વૃક્ષોની કટોતી કરવામાં આવી હતી. શહેરમાં હાલ પણ જોખમી વૃક્ષો અસ્તિત્વમાં છે. શહેરના ગ માર્ગ પર સે-૫ અને સે-૬ના કોર્નર પાસે જોખમી વૃક્ષો દુર કરવા માટે વનતંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. સી એન જી પંપની સામેના વિસ્તારમાંથી પણ ઉભા સુકા વૃક્ષો દુર કરાયા હતા.

### 3 કેસ વધુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માણસા તાલુકામાં અનોડિયા અને અલુવા ગામેથી કેસ મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૦૪ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામીણ વિસ્તારમાં રિકવરી રેટ ૮૪ ટકા જેટલો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૫૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે. જિલ્લામાં ૪૨૦૦ થી વધુ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

### ૧૬ કરોડમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પહેલા દિવસની હરાજીમાં ૧૦ માર્કી પ્લેયર્સ પર ખાસ નજર રહેશે. તેમાં ભારતના ૪ અને ૬ વિદેશી ખેલાડીઓ સામેલ છે. ઓવરઓલ ૬૦૦ ખેલાડીઓ આ વખતે મેગા ઓક્શનમાં ઉતરશે. જે ૬૦૦ ખેલાડીઓની બોલી બોલાવાની છે તેમાં ૨૨૮ કેપ્ડ અને ૩૫૫ અનકેપ્ડ પ્લેયર્સ છે. તે સિવાય ૭ ખેલાડીઓ અસોસિએટ દેશોના પણ છે. બીસીસીઆઈ અધ્યક્ષ સૌરવ ગાંગુલી, અધિકારી રાજીવ શુક્લા સહિતના બીસીસીઆઈ સાથે સંકળાયેલા અન્ય લોકો ઓક્શન સ્થળે પહોંચી ગયા છે. તમામ ટીમના કોચ અને અન્ય સ્ટાફ પણ ઓક્શન ટેબલ પર છે. આ સાથે જ અનેક લોકો વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પણ જોડાયેલા છે.

પંજાબ કિંગ્સની માલિકણ અને બોલિવુડ અભિનેત્રી પ્રીતિ ઝિંટા આ વખતે મેગા ઓક્શનમાં સામેલ નહીં થઈ શકે. તેણે ખોળામાં બેબી સાથેનો ફોટો શેર કર્યો છે અને તે ઘરેથી જ ઓક્શન નિહાળશે.

મેગા ઓક્શન પહેલા લિસ્ટમાં ૧૦ ખેલાડીઓના નામ જોડવામાં આવ્યા છે. તેમાં મોટા ભાગના અંડર-૧૯ ટીમના ખેલાડીઓ છે. હરાજીના અંતમાં પ્રત્યેક ટીમમાં ન્યૂનતમ ૧૮ ખેલાડીઓ અને મહત્તમ ૨૫ ખેલાડીઓ હોઈ શકે છે. આ માટે તેમણે પોતાના કુલ ૯૦ કરોડ રૂપિયામાંથી (આશરે ૧૨ મિલિયન અમેરિકી ડોલર) ઓછામાં ઓછા ૬૭.૫ કરોડ રૂપિયા (આશરે ૯ મિલિયન અમેરિકી ડોલર) ખર્ચ કરવા પડશે. પ્રત્યેક ટીમમાં મહત્તમ ૮ વિદેશી ખેલાડી હોઈ શકે છે. ૨૦૨૨ના ઓક્શનમાં આરટીએમ કાર્ડનો વિકલ્પ નહીં આવે કારણ કે, તે બે નવી ટીમો ગુજરાત ટાઈટન્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ માટે અનુચિત ગણાશે. તેઓ પહેલી વખત આઈપીએલમાં સામેલ થઈ રહ્યા છે.

### ષડયંત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુરપતવંત સિંહ પન્નૂએ વીડિયો જાહેર કર્યો છે. તેમાં તેઓ ભારતને તોડવા માટે હિજાબ જનમત સંગ્રહ જેવા એજન્ડાને ફેલાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. શીખ ફોર જસ્ટિસે પોતાના પ્રોપેગેન્ડા વીડિયોમાં કર્ણાટકની હિજાબનું સમર્થન કરનારી મુસ્કાન નામની યુવતીની તસવીરોનો પણ ઉપયોગ કર્યો છે. પન્નૂએ ભારતીય મુસ્લિમોને વિનંતી કરી છે કે, તેઓ હિજાબ રેફરેંડમ શરૂ કરે અને ભારતને ઉર્દુસ્તાન બનાવવા તરફ આગળ વધે. આઈબીના કહેવા પ્રમાણે દિલ્હી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળ જેવા મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં હિજાબ રેફરેંડમ એજન્ડાનો પ્રસાર થઈ રહ્યો છે.

### નહીં તોડે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પૂર્વ ચીન સમુદ્ર પર પણ દરિયાઈ વિવાદ છે. ચીનની આ આક્રમકતાનો સામનો કરવા માટે ક્વાડની રચના કરવામાં આવી છે. જેમાં ભારત, જાપાન, અમેરિકા અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે.

મેલબોર્નમાં ક્વાડ ફોરેન મિનિસ્ટર્સની ચોથી બેઠકમાં અનેક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ઈન્ડો-પેસિફિક ક્ષેત્રને ખુલ્લું રાખવા સાથે રસીની અવિરત ડિલિવરી, માનવતાવાદી સહાય અને આતંકવાદ વિરોધી પ્રયાસો પર ઘણી ચર્ચા થઈ હતી. આ બેઠક ચીનના વધતા જતા અક્કડ વલણની પૃષ્ઠભૂમિમાં થઈ હતી. બેઠક બાદ સંયુક્ત નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં મુંબઈ અને પઠાણકોટ હુમલાનો ખાસ ઉલ્લેખ હતો. તમામ દેશોને આતંકવાદીઓના સુરક્ષિત આશ્રયસ્થાનો દૂર કરવા કહેવામાં આવ્યું હતું.

જો કે આ દરમિયાન યુક્રેન અને મ્યાનમાર મામલે મતભેદો પણ સ્પષ્ટ દેખાઈ રહ્યા હતા. રશિયા સાથે ભારતના ગાઢ સંબંધો છે. તે યુક્રેન પર કોઈ આત્યંતિક સ્થિતિની તરફેણમાં નથી. બેઠકમાં રશિયા અંગે ચર્ચા કરવામાં આવી હતી. પરંતુ, સંયુક્ત નિવેદનમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. બ્લિંકને બાદમાં કહ્યું કે રશિયા ગમે ત્યારે યુક્રેન પર આક્રમણ કરી શકે છે. જ્યારે વિદેશ મંત્રી એસ જયશંકરને ભારતના સ્ટેન્ડ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે ભારત પહેલા જ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પોતાનો પક્ષ રજૂ કરી ચૂક્યું છે. ભારત ઈચ્છે છે કે તમામ દેશોની સુરક્ષાની ચિંતાઓનું ધ્યાન રાખવામાં આવે.

મ્યાનમારના મુદ્દે ભારતનું વલણ અમેરિકાથી અલગ હતું. ઓસ્ટ્રેલિયાનું સ્ટેન્ડ પણ ભારત સાથે મેળ ખાતું જોવા મળ્યું હતું. યુ.એસ., બ્રિટન અને કેનેડા મ્યાનમારમાં લશ્કરી બળવા માટે જવાબદાર નક્કી કરવા અને સ્થાનિક અધિકારીઓ પર પ્રતિબંધો લાદવાની તૈયારી કરી રહ્યા છે. જો કે, ભારતે સ્પષ્ટ કર્યું છે કે તે રાષ્ટ્રીય પ્રતિબંધોની નીતિને સમર્થન આપતું નથી. ભારતે સ્પષ્ટપણે કહ્યું છે કે તે કોઈપણ દેશ અથવા દેશોના જૂથ વતી એકપક્ષીય પ્રતિબંધની કાર્યવાહીને સ્વીકારતું નથી. આ કિસ્સામાં, તે ફક્ત યુએન પ્રતિબંધો સાથે સંમત છે. જયશંકર ૧૦ થી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન વિદેશ મંત્રી તરીકે ઓસ્ટ્રેલિયાની પ્રથમ મુલાકાતે છે. તેમણે ઓસ્ટ્રેલિયા, જાપાન અને યુએસના વિદેશ પ્રધાનો સાથે ચોથી ક્વોડ ફોરેન મિનિસ્ટર્સની મીટિંગમાં ભાગ લીધો હતો. તેમણે શુક્રવારે કહ્યું હતું કે ભારત, યુએસ, ઓસ્ટ્રેલિયા અને જાપાન વચ્ચેના મજબૂત સંબંધોને કારણે ક્વાડ વૈશ્વિક કલ્યાણ માટે એક સંકલિત શક્તિના સ્વરુપે સારી રીતે કામ કરી રહ્યું છે.